# પ્રકરણ :–૫

# ''સંશોધનના તારણો અને સૂચનો''

# પ્રકરણ :– ૫

# ''સંશોધનના તારણો અને સૂચનો''

1. પ્રસ્તાવના
2. સંશોધનનો સારાંશ
3. સંશોધનના તારણો
4. સંશોધનની મર્યાદાઓ
5. આગળ સંશોધન માટેના સૂચનો
6. સંશોધનના ફલિતાર્થો

# પ્રકરણ :– ૫

# ''સંશોધનના તારણો અને સૂચનો''

## 1. પ્રસ્તાવના :–

સંશોધન અહેવાલ એ સંશોધનનું છેલ્લું અગત્યનું સોપાન છે જયારે કોઈ સંશોધન કર્તા કોઈ સંશોધન સમસ્યાને લગતો અભ્યાસ પૂર્ણ કરી લે છે ત્યારબાદ તે પોતાના અભ્યાસને લગતો એક રીપોર્ટ તૈયાર કરે છે વૈજ્ઞાનિક સંશોધનમાં રીપોર્ટ વૈજ્ઞાનિક રીતે તૈયાર કરવામાં આવે છે તેના સોપાનો વૈજ્ઞાનિક પધ્ધતિને આધારે નકકી કરે છે. કોઈપણ સંશોધન કર્તા જો પોતાની રીતે જ સંશોધન અહેવાલ મનમાંની રીતે લખે તે યોગ્ય નથી. તેને સંશોધન અહેવાલ અમુક નિયમો અને સોપાનો ને આધારે રજૂ કરવો પડે છે સંશોધન અહેવાલનો હેતુ એ છે કે આ અહેવાલ દ્વારા સંશોધન કર્તાઓ બીજા લોકો સુધી સંશોધન પહોચાડી શકે છે. અહેવાલ દ્વારા ત્યાર પછીના સંશોધન કર્તાઓ પણ વધારે ને વધારે માહિતી મેળવી શકે.

સંશોધન અહેવાલની રજૂઆત એ સંશોધનની મહત્વની અવસ્થા કે સોપાન છે. આ સોપાનમાં સશોધન કર્તા પોતાની અંતીમ મંજિલ પર પહોચે છે. પ્રાપ્ત માહિતીના વિશ્લેષણ તથા અર્થઘટનના આધારે નિશ્ચિત નિષ્કર્ષો અથવા સામાન્યીકરણો પ્રાપ્ત થઈ ગયા બાદ એક અહેવાલ તૈયાર કરવો જરૂરી બની જાય છે. આમ, સંશોધન અહેવાલ એક એવો અહેવાલ છે જેમાં સંશોધનની સમસ્યા તેના ઉદ્દેશ્યો, કાર્ય–પધ્ધતિ તથા સંશોધન કર્તા દ્વારા પ્રાપ્ત પરિણામોને સંક્ષેપમાં રજૂ કરવામાં આવે છે. સંશોધન અહેવાલની રજૂઆતનો ઉદ્દેશ્ય માત્ર એટલો જ હોય છે કે બીજા લોકોને એ જાણકારી મળી શકે કે પ્રસ્તુત સંશોધનની સમસ્યા શું હતી, તેનો ઉદ્દેશ્યો કયા હતા, તેની કાર્ય–પધ્ધતિ શું હતી અને કયા–કયા નિષ્કર્ષ પ્રાપ્ત થયા છે.

## 2. સંશોધન સારાંશ :–

પ્રસ્તુત અધ્યયનનો હેતું કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓનો દૈનિક મનોભાર, વિકૃત ચિંતા અને લગ્ન સમયોજનના અભ્યાસ કરવાનો હોવાથી ગુજરાત રાજયમાંથી સ્ત્રીઓના પ્રકાર, દૈનિક મનોભારનું પ્રમાણ અને ઉંમર ને ધ્યાનમાં રાખીને ૨ × ૨ × ૨ ફેકટોરીયલ ડિઝાઈન મુજબ 400 સ્ત્રીઓને સ્તરીકૃત યદ્દચ્છ નિદર્શ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. તેમની પાસેથી દૈનિક મનોભાર,

વિકૃત ચિંતા અને લગ્ન સમાયોજન વિશેની માહિતી મેળવવા માટે ઠાકુર અને મિશ્રા રચિત દૈનિક મનોભાર તુલા, સિન્હા રચિત વિકૃત ચિંતા સંશોધનિકા અને ડો. પ્રમોદકુમાર અને કું. કંચના રોહીનેજી રચિત લગ્ન સમાયોજન સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો સ્ત્રીઓના ઘરે કે નોકરીના સ્થળે જઈને પ્રશ્નાવલિ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી. ઉપરોકત સ્તરીકૃત યદૃચ્છ નિદર્શની પસંદગીની રીતે પસંદ કરાયેલ સ્ત્રીઓની માહિતીનું ગુણાંકન કર્યા બાદ આંકડાશાસ્ત્રીય પૃથકકરણ માટે વિચરણ પૃથકકરણ, F – test (ANOVA), t-test અને પ્રોડકટ મુવમેન્ટ સહસંબંધ અને આંશિક સહસંબંધની પ્રયુકિતઓનો ઉપયોગ કરી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યુ હતુ. પ્રાપ્ત થયેલ માહિતીની પરિણામ ચર્ચા અને અર્થઘટન કરવામાં આવ્યુ હતુ. અને અંતમાં પ્રાપ્ત થયેલ તારણોની રજૂઆત કરવામાં આવી જે તારણો નીચે મુજબ છે.

## 3. સંશોધનના તારણો :–

પ્રસ્તુત સંશોધનના પ્રાપ્ત થયેલા પરિણામોને આધારે નીચે પ્રમાણે તારણો તારવવામાં આવ્યા છે.

### 3.1. સંશોધન અંગેની સામાન્ય માહિતીની ટકાવારી :–

પ્રસ્તુત સંશોધનમાં દૈનિક મનોભાર, વિકૃત ચિંતા અને લગ્ન સમાયોજન અંગેની સ્ત્રીઓની ટકાવારી નીચે મુજબ રજુ કરવામાં આવી છે.

#### 3.1.1. સ્ત્રીઓના પ્રકાર :–

પ્રસ્તુત સંશોધનમાં સ્ત્રીઓના કુલ 400 ના નિદર્શમાંથી 50% એટલે કે 200 કાર્ય કરતી અને 50% એટલે કે 200 બિન કાર્ય કરતી સ્ત્રીઓને પસંદ કરવામાં આવી હતી.

#### 3.1.2. દૈનિક મનોભારનું પ્રમાણ :–

પ્રસ્તુત સંશોધનમાં સ્ત્રીઓના કુલ 400 ના નિદર્શમાંથી 50% એટલે કે 200 ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી સ્ત્રીઓ અને 50% એટલે કે 200 નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી સ્ત્રીઓને પસંદ કરવામાં આવી હતી.

### 3.1.3. ઉંમર :–

પ્રસ્તુત સંશોધનમાં સ્ત્રીઓના કુલ 400 ના નિદર્શમાંથી 50% એટલે કે 200, 20 થી 30 વર્ષની ઉંમર ધરાવતી સ્ત્રીઓ અને 50% એટલે કે 200, 31 થી 40 વર્ષની સ્ત્રીઓને પસંદ કરવામાં આવી હતી.

## 3.2. કાર્ય કરતી અને બિન કાર્ય કરતી સ્ત્રીઓના સંદર્ભમાં સ્ત્રીઓના દૈનિક મનોભારનો t કસોટી દ્વારા અભ્યાસ :–

### 3.2.1. કાર્ય કરતી અને બિન કાર્ય કરતી સ્ત્રીઓના સંદર્ભમાં સ્ત્રીઓના દૈનિક મનોભારના આંતરિક ઘટકોને લગતા તારણો :–

**(1)** બિન કાર્ય કરતી સ્ત્રીઓ કરતા કાર્ય કરતી સ્ત્રીઓની કૌટુંબીક સમસ્યા વધુ જોવા મળે છે.

**(2)** બિન કાર્ય કરતી સ્ત્રીઓ કરતા કાર્ય કરતી સ્ત્રીઓની સામાજિક વ્યવહારોની સમસ્યા વધુ જોવા મળે છે.

**(3)** બિન કાર્ય કરતી સ્ત્રીઓ કરતા કાર્ય કરતી સ્ત્રીઓની સમયની ખેંચ વધુ જોવા મળે છે.

**(4)** બિન કાર્ય કરતી સ્ત્રીઓ કરતા કાર્ય કરતી સ્ત્રીઓની વાતાવરણ અંગેની સમસ્યા વધુ જોવા મળે છે.

**(5)** કાર્ય કરતી સ્ત્રીઓ કરતા બિન કાર્ય કરતી સ્ત્રીઓની આર્થિક બાબતોની સમસ્યા વધુ જોવા મળે છે.

**(6)** બિન કાર્ય કરતી સ્ત્રીઓ કરતા કાર્ય કરતી સ્ત્રીઓની અંગત બાબતોની સમસ્યા વધુ જોવા મળે છે.

### 3.2.2. કાર્ય કરતી અને બિન કાર્ય કરતી સ્ત્રીઓના સંદર્ભમાં દૈનિક મનોભારને લગતા તારણો :–

(7) બિન કાર્ય કરતી સ્ત્રીઓ કરતા કાર્ય કરતી સ્ત્રીઓની અંગત બાબતોની સમસ્યા વધું જોવા મળે છે.

## 3.3. સ્ત્રીઓની વિકૃત ચિંતાને લગતા તારણો :–

સ્ત્રીઓની વિકૃતચિંતાનો અભ્યાસ કરવા માટે વિચરણ પૃથકકરણનો ઉપયોગ કરવામાં આવ્યા હતો જેના દ્વારા મળેલ તારણો નીચે મુજબ છે.

(8) બિન કાર્ય કરતી પત્નીઓ કરતા કાર્ય કરતી પત્નીઓની વિકૃત ચિંતા વધું જોવા મળે છે.

(9) નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી સ્ત્રીઓ કરતા ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી સ્ત્રીઓની વિકૃતચિંતા વધુ જોવા મળે છે.

(10) 31 થી 40 વર્ષની સ્ત્રીઓ કરતા 20 થી 30 વર્ષની સ્ત્રીઓની વિકૃતચિંતા વધુ જોવા મળે છે.

(11) સ્ત્રીઓના પ્રકાર અને દૈનિક મનોભારની આંતરક્રિયાની સ્ત્રીઓની વિકૃત ચિંતા ઉપર સાર્થક અસર જોવા મળે છે.

(12) સ્ત્રીઓના દૈનિક મનોભાર અને સ્ત્રીઓની ઉંમરની આંતરક્રિયાની સ્ત્રીઓની વિકૃતચિંતા ઉપર સાર્થક અસર જોવા મળે છે.

(13) સ્ત્રીઓના પ્રકાર અને સ્ત્રીઓની ઉંમરની આંતરક્રિયાની સ્ત્રીઓની વિકૃત ચિંતા ઉપર સાર્થક અસર જોવા મળે છે.

(14) સ્ત્રીઓના પ્રકાર, દૈનિક મનોભાર અને સ્ત્રીઓની ઉંમરની આંતરક્રિયાની સ્ત્રીઓની વિકૃતચિંતા ઉપર સાર્થક અસર જોવા મળે છે.

## 3.4. સ્ત્રીઓના લગ્ન સમાયોજનને લગતા તારણો :–

સ્ત્રીઓના લગ્ન સમાયોજનનો અભ્યાસ કરવા માટે વિચરણ પૃથકકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેના દ્વારા મળેલ તારણો નિચે મુજબ છે.

**(15)** કાર્ય કરતી પત્નીઓ કરતા બિન કાર્ય કરતી પત્નીઓનું લગ્ન સમાયોજન વધુ જોવા મળે છે.

**(16)** ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી સ્ત્રીઓ કરતા નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી સ્ત્રીઓનું લગ્ન સમાયોજન વધુ જોવા મળે છે.

**(17)** 20 થી 30 વર્ષની ઉંમર ધરાવતી સ્ત્રીઓ કરતા 31 થી 40 વર્ષની સ્ત્રીઓનું લગ્ન સમાયોજન વધુ જોવા મળે છે.

**(18)** સ્ત્રીઓના પ્રકાર અને દૈનિક મનોભારના પ્રમાણ વચ્ચેની આંતરક્રિયાની સ્ત્રીઓના લગ્ન સમાયોજન ઉપર સાર્થક અસર જોવા મળે છે.

**(19)** સ્ત્રીઓના દૈનિક મનોભારના પ્રમાણ અને સ્ત્રીઓની ઉંમર વચ્ચેની આંતરક્રિયાની સ્ત્રીઓના લગ્ન સમાયોજન ઉપર સાર્થક અસર જોવા મળે છે.

**(20)** સ્ત્રીઓના પ્રકાર અને સ્ત્રીઓની ઉંમર વચ્ચેની આંતરક્રિયાની સ્ત્રીઓના લગ્ન સમાયોજન ઉપર સાર્થક અસર જોવા મળે છે.

**(21)** સ્ત્રીઓના પ્રકાર, દૈનિક મનોભારનું પ્રમાણ અને ઉંમર વચ્ચેની આંતરક્રિયાની સ્ત્રીઓના લગ્ન સમાયોજન ઉપર સાર્થક અસર જોવા મળે છે.

## 3.5. સ્ત્રીઓના દૈનિક મનોભારન, વિકૃતચિંતા અને લગ્ન સમાયોજન વચ્ચેના સહસંબંધનો અભ્યાસ :–

### 3.5.1. સ્ત્રીઓના દૈનિક મનોભાર અને વિકૃત ચિંતા વચ્ચેના સહસંબંધ અંગેના તારણો :–

**(22)** સ્ત્રીઓની કૌટુંબીક સમસ્યા અને વિકૃતચિંતા વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

(23) સ્ત્રીઓના સામાજિક વ્યવહારોની સમસ્યા અને વિકૃતચિંતા વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

(24) સ્ત્રીઓના સમયની ખેંચ અને વિકૃતચિંતા વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

(25) સ્ત્રીઓની વાતાવરણ અંગેની સમસ્યા અને વિકૃતચિંતા વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

(26) સ્ત્રીઓની આર્થિક બાબતોની સમસ્યા અને વિકૃતચિંતા વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

(27) સ્ત્રીઓની અંગત બાબતોની સમસ્યા અને વિકૃતચિંતા વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

## 3.5.2. સ્ત્રીઓના દૈનિક મનોભાર અને લગ્ન સમાયોજન વચ્ચેના સહસંબંધ અંગેના તારણો :–

(28) સ્ત્રીઓની કૌટુંબીક સમસ્યા અને લગ્ન સમાયોજન વચ્ચે નિષેધક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

(29) સ્ત્રીઓની સામાજિક વ્યવહારોની સમસ્યા અને લગ્ન સમાયોજન વચ્ચે નિષેધક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

(30) સ્ત્રીઓની સમયની ખેંચ અને લગ્ન સમાયોજન વચ્ચે નિષેધક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

(31) સ્ત્રીઓના વાતાવરણ અંગેની સમસ્યા અને લગ્ન સમાયોજન વચ્ચે નિષેધક સાર્થક સહસંબંધ જોવા માળે છે.

(32) સ્ત્રીઓની આર્થિક બાબતોની સમસ્યા અને લગ્ન સમાયોજન વચ્ચે નિષેધક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

(33) સ્ત્રીઓની અંગત બાબતોની સમસ્યા અને લગ્ન સમાયોજન વચ્ચે નિષેધક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

### 3.5.3. સ્ત્રીઓના દૈનિક મનોભાર, વિકૃતચિંતા અને લગ્ન સમાયોજન વચ્ચેના સહસંબંધ અંગેના તારણો :–

(34) સ્ત્રીઓના દૈનિક મનોભાર અને વિકૃતચિંતા વચ્ચે નિષેધક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

(35) સ્ત્રીઓની વિકૃતચિંતા અને લગ્ન સમાયોજન વચ્ચે નિષેધક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

(36) સ્ત્રીઓના દૈનિક મનોભાર અને લગ્ન સમાયોજન વચ્ચે નિષેધક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

### 3.5.4. સ્ત્રીઓના દૈનિક મનોભાર, વિકૃતચિંતા અને લગ્ન સમાયોજન વચ્ચેના આંશિક સહસંબંધ લગતા તારણો :–

(37) સ્ત્રીઓના લગ્ન સમાયોજનના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે સ્ત્રીઓના દૈનિક મનોભાર અને વિકૃતચિંતા વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

(38) સ્ત્રીઓના દૈનિક મનોભારના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે સ્ત્રીઓની વિકૃતચિંતા અને લગ્ન સમાયોજન વચ્ચે નિષેધક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

(39) સ્ત્રીઓની વિકૃતચિંતાના પ્રાપ્તાંકો સ્થિર હોય ત્યારે સ્ત્રીઓના દૈનિક મનોભાર અને લગ્ન સમાયોજન વચ્ચે નિષેધક સાર્થક સહસંબંધ જોવા મળે છે.

## 4. અધ્યયનની મર્યાદાઓ :–

સંશોધનની શરૂઆત હંમેશા પ્રશ્નથી થાય છે અને સમગ્ર સંશોધન પ્રક્રિયા આ પ્રશ્નનો વૈજ્ઞાનિક ઢબે ઉત્તર મેળવવાનો પ્રયાસ કરે છે આમ છતા કોઈપણ સંશોધન કયારેય પૂર્ણ અને મર્યાદા રહિત ભાગ્યેજ સંભવી શકે છે ખાસ કરીને વાર્તનિક વિજ્ઞાનોના સંશોધનોમાં ભૌતિક વિજ્ઞાનો જેટલી

વસ્તુલક્ષીતા સંભવી શકતી નથી. પ્રસ્તુત સંશોધનના તારણો અને અભ્યાસના અંતે સંશોધકે દર્શાવેલ અધ્યયનની મર્યાદાઓ બીજા સંશોધન માટેની પૂર્વભૂમિકા બનતા હોય છે. પ્રસ્તુત અધ્યયનમાં સંશોધનની દ્રષ્ટિએ જે મર્યાદાઓ રહી છે તે નીચે મુજબ છે.

(1) પ્રસ્તુત અધ્યયનમાં મૂળ ગુજરાતના જ વતની (રહેવાસી) હોય તેવી પત્નીઓનેજ નિદર્શ તરીકે પસંદ કરવામાં આવી હતી. ગુજરાત બહારની પત્નીઓનો પ્રસ્તુત અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

(2) પ્રસ્તુત અધ્યયનમાં સ્ત્રીઓનો પ્રકાર, દૈનિક મનોભારનું પ્રમાણ અને ઉમરની દ્રષ્ટીએ જોઈએ તો સંખ્યાની રીતે નિદર્શ સરખો છે પરંતુ આ માટે બધા વિસ્તારમાં સ્ત્રીઓની સંખ્યા, સગવડો અને સમૃધ્ધિનું પ્રમાણ સરખું નથી.

(3) પ્રસ્તુત અધ્યયનમાં સ્ત્રીઓના દૈનિક મનોભાર, વિકૃતચિંતા અને લગ્ન સમાયોજનની અસરો વર્ણવવામાં આવી છે પરંતુ તેના ચોકકસ ઉપાયો સૂચવવામાં આવ્યા નથી.

(4) પ્રસ્તુત અધ્યયનમાં માત્ર પરણિત સ્ત્રીઓનેજ પસંદ કરવામાં આવી હતી. તે સિવાઈની સ્ત્રીઓ વિધવા, ત્યકતા, અપરણિત વગેરે પ્રકારની સ્ત્રીઓ ચોકકસ પ્રકારની સમસ્યાનો સામનો કરતી હોય છે તેનો અભ્યાસ નથી કરાયો.

(5) પ્રસ્તુત સંશોધનમાં માત્ર 400 સ્ત્રીઓને જ પસંદ કરવામાં આવી હતી.

(6) પ્રસ્તુત અધ્યયનમાં ગુજરાતી ભાષા બરાબર બોલી શકે અને બરાબર સમજી શકે તેવી સ્ત્રીઓનેજ નિદર્શ તરીકે પસંદ કરવામાં આવી હતી.

(7) પ્રસ્તુત સંશોધન ફકત ગુજરાત રાજયની સ્ત્રીઓ પૂરતુ સિમિત હોઈ તેના પરથી વ્યાપક વિસ્તાર પર સામાન્યીકરણ કરી શકાય નહિ.

(8) પ્રસ્તુત અધ્યયનમાં ફકત 20 થી 40 વર્ષની પત્નીઓને જ નિદર્શમાં સમાવિષ્ટ કરવામાં આવી હતી.

(9) અહીં સ્ત્રીઓના દૈનિક મનોભાર, વિકૃતચિંતા અને લગ્ન સમાયોજન માટે જે ચોકકસ સાધનોનો ઉપયોગ કરેલ છે તેમાં સ્ત્રીઓએ સાચાને બદલે સારા જવાબો આપેલા હોય.

(10) સ્ત્રીઓની જવાબ આપવાની દરેકની રીત જુદી જુદી હોય છે. તેથી જવાબો સ્ત્રીઓએ ગુપ્ત રાખેલા હોય તે પણ સંભાવના છે.

(11) પ્રસ્તુત અધ્યયનમાં મળેલી માહિતી સ્ત્રીઓના અભિપ્રાયો, વલણો અને પ્રત્યક્ષીકરણ પર આધારીત છે.

(12) પ્રસ્તુત અધ્યયનમાં મળેલી માહિતીને આધારે સ્ત્રીઓના દૈનિક મનોભાર, વિકૃતચિંતા અને લગ્ન સમાયોજન માટે યોગ્ય રીતો સૂચવવામાં આવે છે જે દરેકને એક સરખી રીતે લાગુ ન પણ પડે પોતાના વલણોમાં યોગ્ય પરિવર્તન ન પણ લાવે.

(13) પ્રસ્તુત અધ્યયનમાં ANOVA – F test, t-test અને સહસંબંધ r ની પ્રયુકિતથી માપન કરેલ હોઈ બધી ધારણાઓ પ્રસ્તુત સંશોધનમાં અભિવ્યકત થતી નથી.

(14) પ્રસ્તુત સંશોધન માટે જરૂરી માહિતી માટે ફકત પ્રશ્નાવલિ પધ્ધતિનોજ ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રશ્નોના ઉતરો કે વિધાનોના વિકલ્પોની પસંદગી માટે બીજુ કાંઈ નહિ પરંતુ વ્યકિતના આંતરનિરીક્ષણો છે અહીં અન્ય રીતે માહિતી મેળવવામાં આવી નથી તેથી પરિણામોનો વ્યાપક વ્યાવહારિક અને સામાજિક ક્ષેત્રે ઉપયોગ કરતી વખતે આ બાબતને ધ્યાનમાં રાખવી જરૂરી છે.

## 5. આગળ સંશોધન માટેના સૂચનો :–

પ્રસ્તુત સંશોધન કાર્ય કરતી અને બિન કાર્ય કરતી પત્નીઓના દૈનિક મનોભાર, વિકૃતચિંતા અને લગ્ન સમાયોજનનો અભ્યાસ કરવાનો છે પરંતુ કોઈપણ સંશોધન પરિપૂર્ણ હોતુ નથી તેમાં કેટલીક મર્યાદાઓ રહી જવા પામી હોય છે તેની પૂર્તિ અન્ય સંશોધન દ્વારા થઈ શકે. સંશોધનના પરિણામો તપાસતા આ ક્ષેત્રમાં ભવિષ્યમાં કોઈ સંશોધન હાથ ધરવામાં આવે તો નીચે મુજબના કેટલાક સૂચનો ધ્યાનમાં લઈને સંશોધક પોતાના સંશોધન કાર્યને વધુ વ્યાપક અને વધુ અર્થપૂર્ણ બનાવી શકે છે તે માટે આગામી સંશોધન અંગે નીચે મુજબના સૂચનો કરેલ છે.

(1) પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજયના વિવિધ વિસ્તારોમાંથી સ્ત્રીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવી હતી. જેને બદલે અન્ય વિસ્તારની સ્ત્રીઓને પસંદ કરી અભ્યાસ હાથ ધરી શકાય.

(2) પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે 400 સ્ત્રીઓને જ પસંદ કરવામાં આવી હતી તેને બદલે તેનાથી વધુ સ્ત્રીઓને પસંદ કરી અભ્યાસ હાથ ધરી શકાય.

(3) પ્રસ્તુત અધ્યયનમાં 20 થી 40 વર્ષની સ્ત્રીઓને જ પસંદ કરવામાં આવી હતી. તેને બદલે કોઈપણ ઉંમરની સ્ત્રીઓને પસંદ કરી અભ્યાસ હાથ ધરી શકાય.

(4) ફકત પરણિત સ્ત્રીઓની સાથે અપરણિત સ્ત્રીઓને પસંદ કરી તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

(5) અધ્યયનમાં વ્યકિતગત સામાજિક પરિવર્ત્યો ઉપરાંત રહેઠાણનો વિસ્તાર, નોકરીનો પ્રકાર, કાર્યનો પ્રકાર, કામની પાળી, કાર્યના કલાકો, સંતાનોની સંખ્યા તેમજ કુટુંબના પ્રકાર જેવા પરિવર્ત્યોને ધ્યાનમાં લઈ અભ્યાસ હાથ ધરી શકાય.

(6) સંશોધકે દૈનિક મનોભારના પ્રમાણને સ્વતંત્ર પરિવર્ત્યને બદલે આધારિત પરિવર્ત્ય તરીકે લઈ અભ્યાસ હાથ ધરી શકાય.

(7) સંશોધકે બે આધારિત પરિવર્ત્યને બદલે એકજ આધારિત પરિવર્ત્ય લઈ અનેક વ્યકિતગત સામાજિક પરિવર્ત્યો લઈ અભ્યાસ હાથ ધરી મહાનિબંધ રજુ કરી શકાય.

(8) સમગ્ર ગુજરાત રાજયના વિવિધ જિલ્લાઓ લઈ અભ્યાસ હાથ ધરી શકાય.

(9) અધ્યયનની ચકાસણી માટે થોડા થોડા સમયના અંતરે અભ્યાસ કરી પુનરાવર્તન કરી શકાય.

(10) સ્ત્રીઓના દૈનિક મનોભાર, વિકૃતચિંત અને લગ્ન સમાયોજન સિવાયના માનસિક સ્વાસ્થ્ય, કાર્ય સંતોષ, કાર્ય મનોભાર, સમાયોજન વગેરે પરિવર્ત્યોને સાંકળી અભ્યાસ હાથ ધરી શકાય.

(11) દૈનિક મનોભારના પણ આંતરીક ઘટકોનો લગ્ન દરજજો, ઉંમર અને રહેઠાણ વિસ્તાર જેવા પરિવર્ત્યો પર F test (ANOVA) દ્વારા અભ્યાસ કરી શકાય.

સંક્ષિપ્તમાં, સંશોધનના તારણો ફકત ગુજરાત રાજયના સંદર્ભમાં જ છે તારણો સમજી અન્ય વિસ્તારની સ્ત્રીઓ પર લાગુ પાડી શકાય નહિ તે બાબતને ધ્યાનમાં રાખીને આ સંશોધનના તારણોનો વ્યવહારમાં ઉપયોગ કરવો તેવો સંશોધકનો વિનમ્ર અભિપ્રાય છે.

## 6. સંશોધનના ફલિતાર્થો :–

પ્રસ્તુત અભ્યાસ કાર્યકરતી અને બિનકાર્ય કરતી પત્નીઓના દૈનિક મનોભાર, વિકૃતચિંતા અને લગ્ન સમાયોજન અંગેનો છે તારણોમાં જોવા મળ્યુ છે કે કાર્યકરતી તેમજ બિનકાર્યકરતી પત્નીઓમા દૈનિક મનોભાર વિકૃતચિંતા અને લગ્ન સમાયોજનમા સાર્થક તફાવત છે.

કાર્યકરતી અને બિનકાર્યકરતી પત્નીઓના દૈનિક મનોભારના આંતરિક ઘટકો જેવા કે કૌટુંબીક સમસ્યા સામાજિક વ્યવહારો સમયની ખેંચ વાતાવરણ અંગેની સમસ્યાઓ તેમજ આર્થિક બાબતો અંગેના પરીણામો દર્શાવે છે કે કાર્યકરતી પત્નીઓમા કૌટુંબીક સમસ્યાઓ વધુ જોવા મળે છે. આવી પત્નીઓ પોતાની બેવડી જવાબદારીના કારણે કુંટુબને પુરતો સમય ફાળવી શકતી નથી સામાજિક વ્યવહારો નિભાવવામાં સમયની ખેંચને કારણે મુશ્કેલી અનુભવે છે અને ઘરના તથા કાર્યસ્થળના બેવડા વાતાવરણમાં  જીવતી હોવાથી તેને લગતી મુશ્કેલીઓનો સામનો કરે છે વળી પોતે આર્થિક જીઉપાર્જન કરતી હોવાથી કેટલીક આર્થિક બાબતોમાં તે રસ લે છે જેના કારણે કેટલીકવાર ઘરના સભ્યો કે પતિ સાથે મત–ભેદ થવાની શકયતાઓ રહે છે. આમ કાર્યકરતી પત્નીઓ બિનકાર્યકરતી પત્ની કરતા વધુ મનોભાર અનુભવે છે.

કાર્યકરતી અને બિનકાર્યકરતી પત્નીઓના દૈનિક મનોભારના સમગ્રતયા પરીણામો દર્શાવે છે કે બિનકાર્યકરતી પત્નીઓના પ્રમાણમા કાર્યકરતી પત્નીઓ વધુ દૈનિક મનોભાર અનુભવે છે. તેઓ સમયની ખેંચ અને બેવડી જવાબદારીના કારણે વધુ તનાવગ્રસ્ત રહે છે.

પ્રસ્તુત સંશોધનના પરીણામો દર્શાવે છે કે કાર્યકરતી પત્નીઓ બિનકાર્યકરતી પત્નીઓના પ્રમાણમાં વધુ વિકૃતચિંતા ધરાવે છે તેઓને સમયની ખેંચ તથા ઝડપથી કાર્યો પુરા કરવાના હોવાનાથી ઘડીયાળના કાંટે ચાલવુ પડે છે. જો આવુ કરવામાં તે પોતાની સુઝ–બુઝ અને સ્ર્ફૂતીનો ઉપયોગ ન કરે તો ધીરે ધીરે આ દૈનિક મનોભાર તેને વિકૃતચિંતા તરફ ધકેલે છે. ઘરના બધાંજ સત્યોનો તેને સાથ સહકાર ન પણ હોય આવુ થાય તો મનોભાર વિકૃતચિંતા તરફ દોરી જાય છે જયારે ઘરે રહી ગૃહિણીની ફરજ બજાવતી પત્નીઓને બીજાનો સમય સાચવવાનો હોય છે ત્યારબાદ તે પોતે નિરાંત અનુભવી શકે છે. આમ નોકરી ધંધા કે વ્યવસાયમાં જોડાયેલ પત્ની વધુ વિકૃત ચિંતાનો ભોગ બને છે.

નિમ્ન મનોભાર ધરાવતી પત્નીઓમાં વિકૃતચિંતાનું પ્રમાણ ઓછુ હતુ જયારે જેઓ ઉચ્ચ મનોભારધરાવતી હતી તેવી પત્નીઓમાં વિકૃતચિંતાનું પ્રમાણ વધુ જોવા મળ્યુ હતુ. ઉચ્ચ દૈનિક મનોભાર વધુ ચિંતા જન્માવે છે.

તારણો દર્શાવે છે કે ૩૧ થી ૪૦ વર્ષની વયની પત્નીઓ કરતા ૨૦ થી ૪૦ વર્ષની વયની પત્નીઓ વધુ વિકૃતચિંતા ધરાવતી હતી. વય વધવાની સાથે પત્નીઓ પોતાના જીવનમાં સ્થિર બનતી હોય છે તેનામાં સમજ વિકસે છે. કેટલીક જવાબદારીઓ જે ૨૦ થી ૩૦ વર્ષ હોય છે તે ઘટે છે. જેમ કે નાની ઉમરની પત્નીઓને ઘર તથા જો વ્યવસાયી  હોય તો બન્ને જગ્યાએ નવુ હોવાથી સમાયોજન

સાધવા પ્રયત્ન કરવો  પડે છે. બાળકો હોય તો તેની જવાબદારી હોય છે. જયારે વય વધતા બાળકો મોટા થાય છે જે માતાને કેટલીક જવાબદારીમાંથી મુકત કરે છે. ઘરમા કે સમાજમાં મધ્ય પુખ્ત અવસ્થાએ સ્થિરતા જોવા મળે છે. તેથી તેનામાં વિકૃત ચિંતાનુ પ્રમાણ ઓછુ જોવા મળે છે. વળી કાર્યકરતી પત્નીઓ કે જે ઉચ્ચ મનોભાર ધરાવે છે તે નિમ્ન મનોભાર ધરાવતી કાર્યકરતી પત્નીઓ કરતા વધુ વિકૃત ચિંતા ધરાવે છે. તે જ બાબત બિનકાર્યકરતી પત્નીમાં જોવા મળે છે જે પત્નીઓ નિમ્ન દૈનિક મનોભાર ધરાવે છે તેઓ વિકૃત ચિંતા ઓછી દર્શાવે છે અને જેઓ ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવે છે તેઓ વિકૃત ચિંતા વધુ દર્શાવે છે.

આ જ રીતે પરીણામો દર્શાવે છે કે નિમ્ન દૈનિક મનોભા રધરાવતી ૩૧ થી ૪૦ વર્ષની પત્નીઓ કરતા નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી ૨૦ થી ૩૦ વર્ષની પત્નીઓ વધુ વિકૃત ચિંતા ધરાવે છે કારણ કે તેના માટે ઉંમરના પ્રમાણમાં  જીવનમા પ્રવેશ થયો હોય છે. તેથી વિવિધ પ્રકારની મુશ્કેલીઓનો તે સામનો કરતી હોય છે. નાની ઉંમરને કારણે તેને પુરતો અનુભવ હોતો નથી જયારે ૩૧ થી ૪૦ વર્ષની વય ધરાવતી પત્નીઓ ઘણા અનુભવમાંથી પસાર થઈ ચુકી હોવાથી જીવન પ્રત્યેની પોતાની ચોકકસ દ્રષ્ટિ વિકસાવે છે જે તેને દૈનિક મનોભાર સામે ટકાવી રાખે છે.

આ જ રીતે કાર્ય કરતી ૨૦ થી ૩૦ વર્ષની પત્નીઓ કરતા કાર્ય કરતી ૩૧ થી ૪૦ વર્ષની પત્નીઓ ઓછી વિકૃત ચિંતા ધરાવે છે. તે પોતાના કાર્યસ્થળ તથા ઘર વચ્ચે ધીરે ધીરે ઉંમર અને અનુભવ ના કારણે સમતોલન જાળવતા શીખી ગઈ હોય છે.

લગ્ન સમાયોજનના પરીણામો દર્શાવે છે કે કાર્યકરતી પત્નીઓ કરતા બિન કાર્યકરતી પત્નીઓ ઉચુ લગ્ન સમાયોજન સાધી શકે છે. ગૃહિણી કે બિન કાર્યકરતી પત્નીઓ પોતાના ઘર પરીવાર કે કુંટુબને સમય ફાળવી શકે છે તેની જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને પોતાની કામગીરી ગોઠવી શકે છે. તેથી તેનુ સમાયોજન સારુ રહે છે. જયારે કાર્યકરતી પત્નીએ પોતાના વ્યવાસય માટે સમય ફાળવવાનો હોવાથી દરેક વખતે ઘરના બધા સભ્યો સાથે સુમેળ સાધી શકતી નથી.

તારણો પરથી કહી શકાય કે, ઉચ્ચ દૈનિક મનોભાર ધરાવતી પત્નીઓ કરતા નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી પત્નીઓનુ લગ્ન સમાયોજન ઉચુ હતુ. એટલે કે જે પત્નીઓ ઓછો દૈનિક મનોભાર ધરાવે છે તેઓ પોતાના લગ્ન જીવનમાં વધુ સ્થિર અને સહકાર ભર્યુ વર્તન દાખવી શકે છે.

ઉંમરની દ્રષ્ટિએ ૨૦ થી ૩૦ વર્ષની પત્નીઓ કરતા ૩૧ થી ૪૦ વર્ષની વય ધરાવતી પત્નીઓનુ લગ્ન સમાયોજન ઉચુ જોવા મળે છે. વય સાથે પરિપકવતા તથા સમજ અને જીવનમા સ્થિરતા આવવાના કારણે મોટી ઉંમરની પત્નીઓનુ લગ્ન સમાયોજન સારુ જોવા મળે છે.

કાર્યકરતી પત્નીઓ કે જે ઉચ્ચ મનોભાર ધરાવે છે તેઓ વિકૃત ચિતા વધુ ધરાવે છે અને તેથી તેઓનુ લગ્ન સમાયોજન નબળુ રહે છે ખાસ કરીને નિમ્ન મનોભાર ધરાવતી પત્નીઓના પ્રમાણમાં તેમનુ સમાયોજનનુ સ્તર નીચુ રહે છે તે જ રીતે કાર્યકરતી કે બિનકાર્યકરતી પત્નીઓ જે નિમ્ન મનોભાર ધરાવે છે તેના કરતા કાર્યકરતી અને ઉચ્ચ મનોભાર ધરાવતી પત્નીઓનુ લગ્ન સમાયોજન નબળુ રહે છે.

સંભવતઃ બધા પ્રકારની જવાબદારી ઉપાડવામાં તે કદાચ લગ્ન જીવનને ન્યાય ન આપી શકે તો સમાયોજન નબળુ રહે છે ભારતીય સમાજમાં જયાં લગ્ન માત્ર પતિ–પત્ની પુરતો મર્યાદિત સંબંધ ન હોવાથી ઘણા બધા પ્રશ્નો ઉદભવે છે.

ઉચ્ચ કે નિમ્ન દૈનિક મનોભાર ધરાવતી ૨૦ થી ૩૦ વર્ષની પત્નીઓ કરતા ૩૧ થી ૪૦ વર્ષની વયની પત્નીઓનુ લગ્ન સમાયોજન સારુ છે જેનુ મુખ્ય કારણ પરિપકવતા લગ્ન જીવનમા સ્થિરતા તથા વયની સાથે અનુભવ અને સમજ વધવી હોઈ શકે.

પરીણામો દર્શાવે છે કે કાર્યકરતી ૩૧ થી ૪૦ વર્ષની વયની પત્નીઓ કરતા બિનકાર્યકરતી ૩૧ થી ૪૦ વર્ષની વયની પત્નીઓ વધુ સારુ લગ્ન સમાયોજન ધરાવે છે.

આમ સમગ્રતયા જોતા તારણો પરથી જણાય છે કે કાર્યકરતી પત્નીઓ કરતા બિનકાર્યકરતી પત્નીઓ કે જે નિમ્ન મનોભાર ધરાવે છે ઓછી વિકૃતચિંતા ધરાવે છે તેઓનુ લગ્ન સમાયોજન કાર્યકરતી ઉચ્ચ મનોભાર અને વિકૃતચિંતા ધરાવતી પત્નીઓ કરતા વધુ સારુ છે તે જ રીતે ૨૦ થી ૩૦ વય જુથની પત્નીઓ કરતા ૩૧ થી ૪૦ વય જુથની પત્નીઓ ઉચુ લગ્ન સમાયોજન ધરાવે છે.

પત્નીઓના દૈનિક મનોભારના આંતરિક ઘટકો જેવા કે કૌટુંબીક સમસ્યા, સામાજિક વ્યવહારો, સમયની ખેંચ વાતાવરણ અંગેની સમસ્યાઓ તેમજ આર્થિક બાબતોની સમસ્યાને વિકૃતચિંતા સાથે વિધાયક સંબંધ છે પરીણામો બધા ઘટકોનો વિકૃત ચિંતા સાથે વિધાયક સહસંબંધ દર્શાવે છે. જીવનમાં પત્નીઓએ કુંટુબ સમાજ, આસપાસનુ વાતાવરણ અને આવક તથા ખર્ચને ધ્યાનમાં રાખીને ઘર ચલાવવુ પડે છે. તેમાંથી સર્જાતા વિવિધ પ્રશ્નો અને રોજીંદા જીવનમાં સર્જાતો મનોભાર તેમને વિકૃતચિંતા તરફ દોરી જાયછે. પ્રાપ્તોકો દર્શાવે છે કે જેમ જેમ રોજીંદી કડાકૂટ વધે છે તેમ તેમ દૈનિક મનોભાર વધે છે અને જેમ જેમ દૈનિક મનોભાર વધે છે તેમ વિકૃત ચિંતાનું પ્રમાણ વધે છે.

પત્નીઓના દૈનિક મનોભારના આંતરિક ઘટકો જેવા કે કૌટુંબીક સમસ્યા, સામાજિક વ્યવહારો, સમયની ખેંચ, વાતાવરણ અંગેની સમસ્યાઓ તેમજ આર્થિક બાબતોની સમસ્યાને લગ્ન સમાયોજન સાથે નિષેધક સંબંધ છે. ઉપરોકત બધા આંતરિક ઘટકો અને લગ્ન સમાયોજનના સહસંબંધકાક બન્ને વચ્ચે નિષેધક સહસંબંધ હોવાનુ દર્શાવે છે. અર્થાત કૌટુંબીક સમસ્યાઓ જેને વધુ હોય છે તેનુ લગ્ન સમાયોજન નબળુ હોય છે અને જેઓને સમસ્યા ઓછી હોય છે તેમનુ લગ્ન સમાયોજન ઉચુ હોય છે તે જ રીતે જેઓ સમયની ખેંચ વધુ અનુભવે છે તેઓ લગ્ન જીવનમાં સમાયોજિત થવામા વધુ મુશ્કેલી અનુભવે છે. જેમના સામાજિક વ્યવહારો અને આર્થિક બાબતોની સમસ્યાઓ ઓછી છે તેમનુ લગ્ન સમાયોજન ઉચુ છે જયારે જે પત્નીઓ આ પ્રકારની સમસ્યાઓનો વધુ સામનો કરી રહી હોય છે તેમનુ લગ્ન સમાયોજન નબળુ કે નીચુ હોય છે.

તારણો દર્શાવે છે કે પત્નીઓની વિકૃત ચિંતા અને લગ્ન સમાયોજન વચ્ચે નિષેધક સહસંબંધ જોવા મળે છે જે પત્નીઓ વધુ વિકૃત ચિંતા ધરાવે છે તેઓનુ લગ્ન સમાયોજન નીચુ કે નબળુ છે જયારે જે પત્નીઓ ઓછી વિકૃતચિંતા ધરાવે છે તેઓનુ લગ્ન સમાયોજન ઉચુ કે સારુ જોવા મળે છે.